# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com


અખબારી યાદી ૧૬-૧૦-૨૦૨૫

## માનવવિકાસના સૂચકાંકની દૃષ્ટિએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનવવાનાં સ્વપ્ન માત્ર ગુલબાંગો

- દુનિયાના ૧૯૩ દેશોમાં ભારત ૧૩૦મા નંબરે
- ભારતમાં ગુજરાત લક્ષદ્વીપ, સિક્કીમ અને મિઝોરમથી પણ પાછળ ૨૫મા ક્રમાંકે
- પહેલા નંબરે કેરાલા (૦.૭૬૦), પાંચમા નંબરે દિલ્હી (૦.૭૬૪) અને ગુજરાત ૨૫મા ક્રમે (૦.૬૪૬)

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પૂર્વ કેબિનેટ મિનિસ્ટર અને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન ડો.જય નારાયણ વ્યાસે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે આ અગાઉ અતિ વિકસિત રાજ્ય તરીકે ગુજરાત અને એ માટે કારણભૂત 'ગુજરાત મોડેલ' અંગેની વરવી વાસ્તવિકતા આપ સમક્ષ જાહેરમાં મૂકી. ગુજરાતના વિકાસના બણગાં કેટલાં પોકળ છે, તેનો દસ્તાવેજી પુરાવો પૂરો પાડ્યો હતો. આ સમગ્ર હકીકત નેશનલ ફેમિલી હેલ્થ સરવે–૫ જે ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે, તેના ઉપર આધારિત હતો અને એટલે ગુજરાત સરકાર અથવા કેન્દ્રમાં શાસનની ધૂરા સંભાળી રહેલ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ હકીકતોનો ઇન્કાર કરી શકે તેવી કોઈ શક્યતાઓ નથી.

ગુજરાતના વિકાસનું આ મૉડેલ કેટલું પોલું છે અને એને આધારિત વિકાસની વાતો કેટલી પોકળ છે, જેનો પુરાવો તાજેતરમાં બહાર આવેલ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ યુનાઇટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા બહાર પાડવામાં આવેલ માનવ વિકાસના સૂચકાંક 'હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્ષ' ઉપર આધારિત તાજેતરના અહેવાલ ઉપરથી માત્ર ગુજરાત જ નહીં પણ વૈશ્વિક તુલનામાં ભારત જેને ભારતીય જનતા પાર્ટી શાસિત સરકાર વિશ્વની બીજા નંબરની વિકસિત અર્થવ્યવસ્થા બનાવવાના ગુલાબી શમણાં આપણને વેચી રહી છે તે નર્યા જૂઠાણાનો પર્દાફાશ UNDPનો આ 'હ્યુમન ડેવલોપમેન્ટ' અંગેનો અહેવાલ નર્યું જૂઠાણું સાબિત કરે છે, તે હકીકતો સાથે અહીં રજૂ કરીએ છીએઃ

પહેલા એક નજર માનવ વિકાસનો સૂચકાંક દર્શાવતા UNDP દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડાઓ નીચેના કોઠામાં જોઈએ.

| UNDP ક્રમાંક | રાજ્ય/ કેન્દ્રશાસીત પ્રદેશ | HDI (૨૦૨૨) |
|---|---|---|
| ઊંચો | | |
| ૧ | ગોવા | ૦.૭૬૦ |
| ૨ | કેરાલા | ૦.૭૫૮ |
| ૩ | ચંદીગઢ | ૦.૭૫૧ |
| ૪ | પોંડીચેરી | ૦.૭૪૧ |
| ૫ | દિલ્હી | ૦.૭૩૪ |
| ૬ | જમ્મુ અને કાશ્મીર | ૦.૭૨૦ |
| ૭ | લક્ષદીપ | ૦.૭૧૯ |
| ૮ | હીમાચલ પ્રદેશ | ૦.૭૧૫ |
| ૯ | સિક્કીમ | ૦.૭૧૨ |
| ૧૦ | મીઝોરમ | ૦.૭૦૯ |
| ૧૧ | આંદામાન-નીકોબાર | ૦.૭૦૬ |
| મધ્યમ | | |
| ૧૨ | પંજાબ | ૦.૬૯૮ |
| ૧૩ | હરીયાણા | ૦.૬૯૬ |
| ૧૪ | મહારાષ્ટ્ર | ૦.૬૯૫ |
| ૧૫ | તમિલનાડુ | ૦.૬૯૪ |
| ૧૬ | અરુણાચલ પ્રદેશ | ૦.૬૮૩ |
| ૧૭ | મણીપુર | ૦.૬૮૩ |
| ૧૮ | ઉત્તરાખાંડ | ૦.૬૮૧ |
| ૧૯ | નાગાલેન્ડ | ૦.૬૭૯ |
| ૨૦ | દમણ અને દીવ | ૦.૬૭૪ |
| ૨૧ | કર્ણાટક | ૦.૬૭૩ |
| ૨૨ | તેલાંગાણા | ૦.૬૬૦ |
| ૨૩ | રાજસ્થાન | ૦.૬૫૨ |
| ૨૪ | મેઘાલય | ૦.૬૫૦ |
| ૨૫ | ગુજરાત | ૦.૬૪૬ |
| ૨૬ | આંધ્રપ્રદેશ | ૦.૬૪૨ |
| ૨૭ | વેસ્ટ બેંગાલ | ૦.૬૩૫ |

| | | |
|---|---|---|
| ૨૮ | છત્તીસગઢ | ૦.૬૨૫ |
| ૨૯ | દાદરા નગર હવેલી | ૦.૬૨૪ |
| ૩૦ | ત્રીપુરા | ૦.૬૨૪ |
| ૩૧ | આસામ | ૦.૬૧૫ |
| ૩૨ | મધ્યપ્રદેશ | ૦.૬૧૧ |
| ૩૩ | ઓરીસ્સા | ૦.૬૩૫ |
| ૩૪ | ઉત્તર પ્રદેશ | ૦.૬૦૯ |
| ૩૫ | ઝારખાંડ | ૦.૬૦૦ |
| ૩૬ | બીહાર | ૦.૫૭૭ |

સ્રોત : યુનાઇટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યુનાઇટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ દ્વારા આપવામાં આવેલ વર્ગીકરણ પ્રમાણે કુલ ૧૯૩ દેશોમાંથી ભારતનો નંબર ૧૩૦મો આવે છે. આમ, દુનિયાના વિકસિત દેશોની સરખામણીમાં ભારત ખૂબ પાછળ છે. હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્ષની ગણતરી અપેક્ષિત આયુષ્ય મર્યાદા, શિક્ષણનું સ્તર અને માથાદીઠ આવક એ ત્રણેયને લક્ષમાં લઈને કાઢવામાં આવે છે. જે દેશમાં લોકો લાંબું આયુષ્ય ભોગવતા હોય અથવા માથાદીઠ આવક વધારે હોય કે પછી શિક્ષણનું સ્તર ઊંચું હોય તેનો નંબર પૂર્ણાંક ૧ થી નજદીક આવે છે.

૨૦૨૩ના વર્ષને અંતે ભારત ૦.૬૮૫ના સૂચકાંક સાથે ૧૯૩ દેશોમાંથી ૧૩૦મા નંબરે છે. દુનિયાના પ્રથમ ૧૦ દેશો અને તેમનો માનવવિકાસનો સૂચકાંક દર્શાવતી વિગતો નીચેના કોઠામાં આપેલ છેઃ

| દેશ | માનવ વિકાસ સૂચકાંક (HDI) |
|---|---|
| આઈસલેન્ડ | ૦.૯૭૨ |
| નોર્વે | ૦.૯ |
| સ્વીઝરલેન્ડ | ૦.૯૭૦ |
| ડેન્માર્ક | ૦.૯૬૨ |
| જર્મની | ૦.૯૫૯ |
| સ્વીડન | ૦.૯૬૯ |
| ઓસ્ટ્રેલીયા | ૦.૯૫૮ |
| હોંગકોંગ-ચીન(SAR) | ૦.૯૫૫ |
| નેધરલેન્ડ | ૦.૯૫૫ |
| યુનાઇટેડ સ્ટેટ્સ | ૦.૯૩૮ |
| ભારત | ૦.૬૮૫ |

સંદર્ભ: UNDP હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ ૨૦૨૫

આમ ભારત વિકસિત રાષ્ટ્ર બની રહ્યું હોવાની કેન્દ્ર સરકાર દ્વારા વારંવાર કરાતી જાહેરાતો સત્યથી સંપૂર્ણ વેગળી, તથ્યહીન અને ગેરમાર્ગે દોરનારી છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા જારી કરાયેલ માનવ વિકાસનો સૂચકાંક જે સાચા અર્થમાં જે તે દેશમાં માનવજીવન કેટલું સમૃદ્ધ અને વિકસિત છે, એનો ખ્યાલ આપે છે તે એક આધારભૂત સરખામણી છે અને ભારતનું નામ એમાં દસાડા દફતરે ક્યાંય નથી.

આ જ રીતે ભારતના કુલ ૩૬ રાજ્યોમાં ગુજરાત લક્ષદ્વીપ અને મેઘાલય જેવા રાજ્યોથી પણ પાછળ છેક ૨૫મા નંબરે આવે છે. આ અગાઉ દેશના ટોચના દસ કુપોષિત જિલ્લાઓમાં ગુજરાતના ૪ જિલ્લા આવે છે, તે માહિતી રજૂ કરી હતી. આજે હ્યુમન ડેવલોપમેન્ટ ઇન્ડેક્ષ એટલે કે, માનવ વિકાસના સૂચકાંકની સરખામણીમાં પણ ગુજરાત છેક ૨૫મા ક્રમે આવે છે, એ માહિતી 'ગુજરાત મોડેલ' કેટલું તકલાદી અને બિનટકાઉ છે, તેનો પુરાવો છે. ગુજરાત તેમજ કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારો ઇવેન્ટ મેનેજમેન્ટ અને જાહેરાતો સિવાય કશું જ કરતી નથી અને ગુજરાત જેવા વિકસિત રાજ્યને તેમના શાસને નુકસાન પહોંચાડીને પાછળ ધકેલી દીધું છે, એટલું જ નહીં પણ ભારત વિકસિત અર્થવ્યવસ્થા તરફ ગતિ કરી રહ્યું હોવાના એમના દાવા સદંતર પોકળ છે, તેની આ સાબિતી છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૮૯૮૨૩૩૦૩૮